# મુલુંડમાં ઇસીજી કેમ્પ



ઈસીજી કેમ્પમાં તબીબો અને દર્દીઓ તથા કાર્યકરો.

**ભાસ્કર ન્યૂઝ. મુંબઈ**

શ્રી મુલુંડ ઘોઘારી વિશાશ્રીમાળી જૈન સમાજ- મુલુંડ અંતર્ગત- સામાજિક સેવાના કર્તવ્યરૂપે- હેલ્થકેર- મુલુંડ (હરેશભાઈ મહેતા)ના સહકારથી ઈસીજી કાર્ડિયોગ્રામ કેમ્પનું નિ:શુલ્ક આયોજન રવિવારના રોજ કરવામાં આવ્યું હતું. ૧૨૦થી વધારે વ્યક્તિઓએ આ કેન્દ્રનો લાભ લીધો હતો. હાર્ટને લગતા ઈસીજી રિપોર્ટ વિનામૂલ્યે કાઢી આપવામાં અને જરૂરી કન્સલ્ટેશન પણ પૂરા પાડવામાં આવેલ. શ્રી મુલુંડ- ઘોઘારી વિશાશ્રીમાળી જૈન સમાજ- મુલુંડ મેડિકલ સેન્ટર તથા સામાજિક કાર્યોના ક્ષેત્રે માનવ સેવા વગેરે અગ્રેસર છે તાજેતરમાં જ પરિચય મિલન - સમારંભ અંતર્ગત ૨૨૦થી અધિક વેવિશાળ યોગ્ય યુવક યુવતી પરિચય મિલન સમારંભને અદ્વિતિય સફળતા સાંપડી છે. લાગલગાટ આ તરતનો જ બીજો કાર્યક્રમ પણ સફળતાને વર્યો છે. સમાજના અગ્રણીઓ, હોદ્દેદારો- સમિતિના સભ્યોના સાથ સહકારથી આવા કાર્યક્રમો યોજાતા રહે છે. સાદાઈ લગ્નોત્સવ પણ અવારનવાર યોજાતા રહે છે. ભાગ લેવા સમાજનો સંપર્ક સાંધવા જણાવાય છે.